ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

નંબર :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૩૮/૨૦૨૨, તા.૨૦/૦૬/૨૦૨૨

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૩/૦૬/૨૦૨૨ થી તા.૧૯/૦૬/૨૦૨૨** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. ગુમ રજી.નં. ૦૫/૨૦૧૯ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ ગુમ થયેલ વેજા કાનાભાઇ ભુવા ઉ.વ.૭૦ રહે.ખાપટ નાગબાપાના મંદિર આગળ રાવલ વાળાની ઘંટી આગળ પોરબંદરને તા.૧૬/૦૬/૨૨ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ.શ્રી એસ.એ.સોલંકી તથા પો.હેડ.કોન્સ. સી.જી.મોઢવાડીયા નાએ શોધી કાઢેલ છે.

(૨) કમલાબાગ પો.સ્ટે. જા.જોગ નં.૪૨/૨૦૨૧ તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ ગુમ થયેલ વિકાસ S/O રામુ આનેશ શર્મા ઉ.વ.૨૩ રહે. ઇન્દીરાનગર રામાપીરના મંદિરની પાછળ પોરબંદર ને તા.૧૩/૦૬/૨૦૨૨ ના રોજ કમલાબાગ પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ.શ્રી પી.વી.ડાકી તથા લોકરક્ષક તનસુખ જાદવ નાએ શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) કીર્તિમંદિર ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૬૨૨૦૩૧૫/૨૦૨૨ IPC કલમ ૩૭૯ મુજબ અસગરખાન જુમેખાન લોદી ઉ.વ.૫૫ જાતે મુસ્લીમ, ધંધો-રી.ડ્રા. રહે.સલાટવાડા જુની દિવાદાંડી પાછળ પોરબંદર. આ કામના ફરીયાદીના કબ્જા હવાલા વાળી પીયાગો કંપનીની કાળા કલરની સને ૨૦૧૩ ના મોડલની રીક્ષા જેના રજી.નં.GJ-25-U-6414 જેની કિ.રૂા.૩૫,૦૦૦/-ની કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય. જે બાબતે કીર્તિમંદિર પો.સ્ટે.ના PSI બી.આર.પરમાર તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન હકિકત મળેલ ચોરીમાં ગયેલ કાળા કલરની પિયાગો રીક્ષા જુબેલી પુલથી સુદામા ચોક તરફ આવતી હોય, જેથી તુરંત જ હકિકત આધારે જુબેલી પુલ બાબુ ગોલાઇના નાકે જઇ વાહન ચેકીંગમાં રહેતા એક નંબર પ્લેટ વગર પિયાગો રીક્ષા જોવામાં આવતા, તુરંત જ રોકાવી ચેક કરતા આગળ તથા પાછળના ભાગે નામ-નંબર છેકેલ હાલતની રીક્ષા હોય, જેથી રીક્ષા ડ્રાઇવરનું નામ-ઠામ પુછતા પોતે-પોતાનું નામ સાગર ઉર્ફે પાપડીયો પ્રભુદાસ મોનાણી ઉવ.૩૩ રહે. મુળ-ભાટીયા બજાર ખારવાવાડ કેશવ સ્કુલ પાસે પોરબંદર હાલ-મીઠાપુર, સુરકરાડી જી.આઇ.ડી.સી વિસ્તાર ચાંમુડા પાન સામે ગલીમાં જી.દેવભુમી દ્વારકાનો હોવાનું જણાવેલ, બાદ મજકુરના કબ્જા ભોગવટાવાળી રીક્ષાના રજીસ્ટ્રેશન કાગળો માંગતા કોઇ આધાર પુરાવા ના હોય, તેમજ સદર રીક્ષાના માલીકીપણા બાબતે સંતોષકારક જવાબ આપતો ન હોય, જેથી તુરત જ વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અનુક્રમે MBX0000ZFPM 631290 તથા R2M2255848 ચેક કરતા સદર રીક્ષા ઉપરોકત ગુનાના કામે ચોરી થયેલાનુ જણાય આવતા, તેના પર વધુ શંકા જતા મજકુરને રીક્ષા સહીત પો.સ્ટે. લાવી વધુ ઉડાણપુર્વક તજવીજ કરતા સદર રીક્ષા બંદર રોડ, આકાશદીપ સર્વીસ સ્ટેશન પાસેથી રાત્રીના સમયે ચોરી કરી લઇ ગયેલાની કબુલાત આપતો હોય, જેથી આ કામેના ફરીયાદીને બોલાવી રીક્ષા જોઇ ઓળખી બતાવવાનુ કહેતા સદર રીક્ષા પોતાની હોવાનું જણાવતા હોય, જેથી મજકુર ઇસમે સદર રીક્ષા ચોરી કરેલાનુ જણાય આવતા આરોપી તથા ચોરીમાં ગયેલ રીક્ષા (મુદામાલ) સાથે ગુનાના કામે આરોપીને અટક કરી ગુન્હો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ.

(૨) ઉદ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ એ ૧૧૨૧૮૦૧૦૨૨૦૨૨૨/૨૦૨૨ IPC ક.૩૧૮ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય. તેમજ આ કામે બનાવવાળી જગ્યાની આસપાસના લોકોની પુછ-પરછ કરી, બાતમીદારો મારફતે તપાસ કરતા કરાવતા, આ કામે નવજાત બાળકીને જન્મ આપી ત્યજી દેનાર માતાને શોધી કાઢી, તેઓના રહેણાંક મકાને જઇ તપાસ કરતા પુષ્પાબેન ડો/ઓ ભોજાભાઇ દુદાભાઇ પાંડાવદરા ઉ.વ.૨૧ રહે.ઘાસ ગોડાઉન પાછલ મફતીયાપરા પોરબંદર વાળી હોય અને પોતે ઉપરોક્ત ગુન્હાનો એકરાર કરેલ હોય અને આરોપી બહેન ઘરગથ્થુ સારવાર હેઠળ હોય. જેથી તેણીને લેડી હોસ્પિટલ ખાતે સારવામા દાખલ કરાવી તેણી સાથે થયેલ દુષ્કર્મ બાબતે વિગરવાર ફરીયાદ લઇ ઉદ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ એ ૧૧૨૧૮૦૧૦૨૨૦૨૨૩ /૨૦૨૨ I.P.C. ક.૩૭૬(૨)(એન), ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ક.૩(૨)(૫), ૩(૨)(૫-એ), ૩(૧)(W)(૧) મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી સદરહું અનડિટેક્ટ ગુન્હાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી ગુન્હો ડિટેક્ટ કરવામાં આવેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી :-**

(૧) હાર્બર મરીન પો.સ્ટે. ના જાવર વિસ્તારમા આવેલ હીરાવતી કંપનીમા કામ કરતી મહીલાઓ કામ કરી પરત થતી હોય મેનેજર સાથે મુલાકાત કરી મહીલાઓને ઘરે સુરક્ષીત પોહચાડવા સુચના કરેલ તેમજ સીનીયર સીટીઝનની મુલાકાત લીધેલ છે.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર